૮

ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.)ને
વર્ષ:૨૦૧૮-૧૯ માટે શેરમુડીની કરેલ જોગવાઈની
ફાળવણી કરવા બાબત...

રૂ.૧૦૦.૦૦ લાખની મંજૂરી

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અપબ/૧૩૧૨/૨૩૪૭૨૨/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:-૨૮/૦૩/૨૦૧૯.

<u>વંચાણમાં લીધા:-</u>

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૨૧/૦૯/૨૦૧૨ નો ઠરાવ ક્રમાંક:અપબ/૧૩૦૮/ન.બા.૧૭/જ

(૨) નિયામકશ્રી, અ.જા.કનો તા:૧૫/૦૩/૨૦૧૯નો પત્ર ક્રમાંક: અજાક/મ/૬/૨૦૧૯/૧૭૩૭-૧૭૩૯

(૩) ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), ગાંધીનગરનો તા:૧૧/૦૩/૨૦૧૯નો પત્ર ક્રમાંક:આંઅંવિનિ/૨૦૧૮-૧૯/૧૨/૦૨/હિસાબી/૨૬૭૪-૭૫

.

<u>આમુખ:-</u>

અનુસૂચિત જાતિઓ પૈકી અતિ પછાત જાતિઓમાં વાલ્મિકી, હાડી, નાડિયા, સેનવા, તુરી, ગરો, વણકરસાધુ, અનુસૂચિત જાતિના બાવા, તીરગર, તીરબંદા, થોરી, માંતગી જેવા અતિ પછાત જાતિના લોકો અન્ય જાતિઓના સરખામણીમાં ચોક્કસ પ્રગતિ કરી શકે અને તેમનો આર્થિક વિકાસ થઈ શકે અને અતિ પછાત જાતિ માટે ગરીબલક્ષી, તાલીમલક્ષી તથા સ્વરોજગારી યોજનાઓનો સરળ રીતે લાભ મેળવી શકે તે માટે આમુખમાં દર્શાવેલ ક્રમ નં-૧થી ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમની રચના કરવામાં આવેલ છે. જેનુ નામાભિધાન હાલ ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), કરવામાં આવેલ છે, તેના માટે અધિકૃત શેર કેપીટલ રૂ.૧૦.૦૦ કરોડ મંજુર કરવામાં આવેલ છે.

ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ-હાલ- ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.) માટે વર્ષ:૨૦૧૮-૧૯ના નાણાંકીય વર્ષ માટે આયોજન સદરે રૂ.૩૫૦.૦૦ લાખની જોગવાઈ કરેલ છે. આમુખમાં દર્શાવેલ ક્રમ નં-૩ના તા:૧૧/૦૩/૨૦૧૯ના પત્રથી ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.) દ્વારા નિયામકશ્રી, અ.જાક મારફતે નિગમની અધિકૃત રૂ.૧૦૦.૦૦ લાખની શેરમુડી ફાળવવા દરખાસ્ત કરેલ છે.

<u>ઠરાવ:</u>

ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.)ની ઉકત દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે વર્ષ:૨૦૧૮-૧૯માં કરેલ બજેટ જોગવાઈ મુજબ રૂ.૧૦૦.૦૦ લાખની (રૂપિયા સો લાખ પુરા) શેરમુડી આથી મંજૂરી આપવામાં આવે છે.

આ અંગે થનાર ખર્ચ ચાલુ વર્ષમાં થયેલ બજેટ જોગવાઈ માંગણી નંબર-૯૫ આયોજન સેક્ટર-(ખ), સામાજિક સેવાઓ, મુખ્ય સદર-૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગનું કલ્યાણ અંગે મુડી ખર્ચ જોગવાઈ, પેટા મુખ્ય સદર-૦૧-અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૧૯૦— જાહેર ક્ષેત્રો અને અન્ય ઉપક્રમોને સહાય, પેટા સદર-૦૩, એસસીડબલ્યુ-૧૪-ગુજરાત અનુસૂચિત જાતિ અતિપછાત વિકાસ નિગમ(વહીવટી) ગ્રાન્ટ સદરે થયેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

વિભાગના તા:૩૦/૦૩/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક: અપબ/૧૦૨૦૧૩/૭૫૮૩૭૭/જ ની શરતો યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:૨૫/૦૩/૨૦૧૯ની નોંધથી મળેલ સમંતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(એચ.બી.ઠાકોર)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.), ૪/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- સેક્શન અધિકારીશ્રી(ક-શાખા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પસંદગી ફાઇલ-૨૦૧૯.